## બોડકદેવ અને સ્ટેડીયમ વાર્ડનાં અપક્ષ ઉમેદવાર

# રાહુલ ચીમનભાઇ મહેતા



**ઉમર : ૪૨ વર્ષ** ; B Tech, Computer Sci, **IIT Delhi**
MS, Computer Sci, Rutgers Univ, USA

**રાહુલ ચીમનભાઇ મહેતા**
**(અપક્ષ)**



BATTERY TORCH
હાથ બત્તી

## હું – રાઇટ ટુ રિકોલ પક્ષ – ની સ્થાપના કરીશ

સ્વામી **દયાનંદ સરસ્વતી** સત્યાર્થ–પ્રકાશનાં છઠા અધ્યાયનાં પ્રથમ પાના પર કહે છે : **રાજા પ્રજાધીન હોવો જોઇએ** ; અને જો રાજા પ્રજાધીન નહીં હોય, તો તે રાજા પ્રજાને ખોટા દંડ નાખી લુંટી લેશે, અને રાજ્યનો નાશ થશે. અને આ શ્લોકો દયાનંદજીએ અર્થવવેદમાથી લિધા છે. અને આજ મારો મુખ્ય મુદ્દો છે – **રાઇટ ટુ રિકોલ** અર્થાત એવા કાયદાઓકે જેના દ્વારા અમો પ્રજાજનો સુપ્રિમકોર્ટનાં ન્યાયમુર્તિથી લઇ કોર્પોરેટર, સરપંચ સુધીનાં તમામ નેતાઓ, અધિકારીઓ અને ન્યાયાધીશોને બદલી શકીએ, તેમને પ્રજાધીન બનાવી શકયે. અમેરીકાની પોલીસમાં કેમ નહીંવત ભ્રષ્ટાચાર છે? **એકમાત્ર** કારણ છે – ત્યાં નાગરીકો પાસે જિલ્લા પોલીસ કમિશ્નર, હાઇકોર્ટનાં ન્યાયાધીશો, મુખ્યમંત્રી બદલવાની પ્રોસીજરો છે. ૧૯૭૭મા જનતા પાર્ટીના જે ઘોષણાપત્રથી વાજપાઇ, અડવાણી મંત્રી થયા તેમાં રિકોલની ખાત્રી હતી. તા. ૨૫–૧૨–૨૦૧૦નાં છાપા મુજબ ગુજરાત સરકારે રિકોલના કાયદા લાવવાની જાહેરાત કરી હતી. પણ કોઇ કાયદો આવ્યો નહીં. ભારતની અનેક સમસ્યાઓનું મુળ છે: નાગરીકો નેતા, અધિકારી, ન્યાયધીશોને નથી બદલી શકતા દા. ત. –– (૧)ગાયો કેમ કપાય છે? દારુ કેમ ખુલેઆમ વેચાય છે? કેમકે નાગરીકો પાસે પોલિસ કમિશનરની બદલવાની કે **બદલી અટકાવાની સત્તા** નથી (૨)ભાવો કેમ વધે છે? કેમકે રિઝર્વ બૈંક બેફામ નોટો છાપે છે, કેમકે નાગરીકો પાસે રિઝર્વ બૈંકનાં ગવર્નરને બદલવાની **સત્તા** નથી .

મતદારો વિનંતી છે કે તેઓ તમામ ઉમેદવારોને, **બદ્ધીજીવીઓને** પુછે કે તેઓ રિકોલના ટેકેદાર છે કે વિરોધી? રિકોલ વિરોધીને મત આપવો તે પાંચ વર્ષની ગુલામી માંગવા સમાન છે. રિકોલ વિરોધી નેતાને મત ન આપવો. અને રિકોલ વિરોધી કુબુદ્ધીજીવીઓનો બહિષ્કાર કરવો.

**કોર્પોરેશનને લખતા મહત્વનાં પ્રસ્તાવો**: (૧)રાઇટ ટુ રિકોલ કોર્પોરેટર, મેયરઃ આથી કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર ઘટશે. **(૨)શિક્ષણ અધિકારી પર રાઇટ ટુ રિકોલ** આવવાથી મ્યુનિસિપાલિટી શાળાઓનું શિક્ષણ સુધરશે. ખાનગી શાળાઓની ફી, દાદાગીરી ઘટશે. (૩)મ્યુનિસિપાલિટી મેડિકલ કોલેજોમાં સેલ્ફ ફાયનાંસ સીટો બંધ કરવી. (૪)**રાઇટ ટુ રિકોલ હેલ્થ ઓફીસર** આવવાથી ભેળસેળ ધટશે. અને હેલ્થ ઓફીસર પાસે કસાઇખાનુ બંધ કરાવાની સત્તા હોય છે. રિકોલને કારણે જે કસાઇખાનામાં ગાયો કપાતી હોય, તેને બંધ કરાવવાની તેને ફરજ પડશે, અને આથી **ગોહત્યા ઘટશે.**

**કેન્દ્ર સરકારને લખતા પ્રસ્તાવો** : (૧)ખનિજ રોયાલ્ટી અને જમીનનુ ભાડુ (દા.ત. મેનેજમેન્ટ વસ્ત્રાપુર પ્લોટનુ ભાડુ, એરપોર્ટોના પ્લોટોનુ ભાડુ) **સીધુજ** નાગરીકો, સેનાને મળે, તેવો કાયદો બનાવવો. દા.ત. માનો ખનિજ રોયાલ્ટી, સરકારી જમીનનું ભાડુ જાન્યુ–૨૦૧૧માં રુ ૪૫૦૦૦ કરોડ આવ્યુ. તો રુ ૧૫૦૦૦ કરોડ સેનાને અને આશરે રુ ૩૦૦ દરેક નાગરીકના પોસ્ટ, બૈંક ખાતામાં આપવા. આથી સૈન્ય શક્તિ વધશે, ત્રાસવાદ ઘટશે, **ગરીબી ઘટશે**. જો ગરીબી નહી ઘટે, તો ગરીબ હિન્દુઓ ખ્રિસ્તી અથવા નકસલવાદી થયા જશે. હિન્દુ ધર્મ ધટશે. નાગરીકોને વિનંતી કે તેઓ સરકારી જમીનનું ભાડુ સીધુજ નાગરીકોને આપવાના કાયદાને ટેકો આપે, જેથી ગરીબો નકસલવાદી ન બને. (૨)નાગરીકોને રાશન દુકાન બદલવાની છુટ આપવી. આપને રાશન દુકાન બદલવાની સત્તા મળશે, તો દુકાનદાર ઘરે આવી ૯ લીટર કેરોસીન આપી જશે. કલાકો લાઇનમાં ઉભા રહી માત્ર ૬ લીટર મળે છે, તે હાડમારીનો અંત આવશે. (૩) ત્રણ કીલો રાંધણગેસના બાટલા પણ આપવા જેથી જે ગરીબ પાસે સામટા રુ ૩૫૦ ન હોય , તેને પણ પોસાય.

એક અતિ મહત્વની નોંધ : હું લોકસભામાં ગાંધીનગરમાં ઉમેદવાર હતો, અને મને ૭૩૦૦ (૧ ટકો) વોટ મળેલ. કોંગ્રેસથી નારાજ મતદારોએ મને વાજબી સવાલ પુછેલ– કે સારા અપક્ષને વોટ આપ્યે, અને તેથી ભાજપ હારે અને કોંગ્રેસ જીતે તો? પણ કોર્પોરેશનની ચુંટણીમાં દરેક મતદાર **ત્રણ વોટ** આપી શકે છે. આથી **’સારા અપક્ષને વોટ આપવાથી ખરાબ ઉમેદવાર જીતી જશે’ આવા ડર વિના પસંદગીનાં અપક્ષ ઉમેદવારને વોટ આપી શકો છો.**

અન્ય ૭૦ કાયદાઓની વિગત http://rahulmehta.com પર આપેલ છે.

એફ૧/એ, સુપથ–૨, જુનાવાડજ બસસ્ટેન્ડ, ૯૮૨૫૧–૨૭૭૮૦ MehtaRahulC@yahoo.com

આ એડ જાહેરમાં વાંચવી અને આની ઝેરોક્ષો સહુને આપવી